પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 04/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : WEDNESDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાશે.**
2. **ગાંધીનગર ખાતે જનગણના – 2027ના બીજા તબક્કાની રાજ્યસ્તરીય મુખ્ય જનગણના અધિકારીઓની પરિષદ યોજાઈ.**
3. **વનપાલ અને બીટગાર્ડ્સના આંદોલનનો સુખદ અંત આવ્યો.**
4. **વિદેશમાંથી માદક પદાર્થનો આંતરરાષ્ટ્રીય કારોબાર ચલાવનાર આરોપીને ગુજરાત ATSએ ઝડપી લીધો.**
5. **ક્રિકેટમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પાંચ મેચની શ્રેણીનો આજે પ્રથમ મુકાબલો.**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાશે. જેમાં રાજ્યમાં દૂષ્કાળની સ્થિતિ પર સમીક્ષા થશે. તેમાં દુષ્કાળ પ્રભાવિત ચાર જિલ્લામાં પીવાના પાણી, ઘાસચારા પર ચર્ચા કરવામાં આવશે. ઉપરાંત તે સિવાયના જિલ્લાઓમાં દૂષ્કાળની સ્થિતિ પર રજૂઆતો અંગે ચર્ચા થશે.

અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે બેઠકમાં કર્મચારીઓને 3 ટકા મોંઘવારી ભથ્થું આપવા અંગે ચર્ચા બાદ નિર્ણય થઈ શકે છે, જ્યારે તહેવારો દરમિયાન કાયદો વ્યવસ્થાની સ્થિતિ, રાજ્ય સરકારના આગામી કાર્યક્રમો તથા નીતિગત વિષયો પર પણ ચર્ચા થવાની શક્યતા છે.

CM VALSAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, રાજ્યમાં GSTની આવકમાં દર મહિને 15 ટકા જેટલો વધારો નોંધાય છે. વલસાડ જિલ્લાના વાપી ખાતે વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે તેમણે જણાવ્યું કે, આર્થિક શિસ્ત અને વિકાસલક્ષી આયોજનના કારણે ગુજરાત આજે નાણાકીય વ્યવસ્થાપનના ક્ષેત્રે પણ અગ્રેસર છે.

BYTE: CM BHUPENDRA PATEL

આ પ્રસંગે શ્રી પટેલે વલસાડ જિલ્લાને 441 કરોડ રૂપિયાના વિકાસકામોની ભેટ આપી હતી.

CM - GRIT SEMINAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'વિકસિત ગુજરાત@2047 : હાયર એજ્યુકેશન ફોર ફ્યુચર વર્કફોર્સ રેડીનેસ કોન્ફરન્સ' સેમિનારનો સમાપન સમારોહ યોજાયો. ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન-GRIT અને રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના ઉપક્રમે અમદાવાદમાં સેમિનારનું આયોજન કરાયું.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ, રાજ્ય સરકારે ઉદ્યોગ અને રોજગારના સેતુ દ્વારા વિકસિત ભારત માટેનો કાર્યબળ તૈયાર કરવા પર ભાર મૂક્યો હોવાનું જણાવ્યું. તેમણે કહ્યું કે, આજની યુવાશક્તિ 2047ના વિકસિત ભારત - વિકસિત ગુજરાત માટેનું મહત્વનું કાર્યબળ છે અને તેના સમયાનુરૂપ શિક્ષણ કૌશલ્યવર્ધનયુક્ત વિકાસથી જ આવતી કાલની ગુજરાતની સ્પર્ધાત્મકતા નક્કી થશે.

CENSUS MEET

મુખ્ય સચિવ એમ. કે. દાસની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે જનગણના-2027 – બીજા તબક્કા એટલે કે વસ્તીની ગણતરી માટેની રાજ્યસ્તરીય મુખ્ય જનગણના અધિકારીઓની પરિષદ યોજાઈ. જેમાં જનગણના કાર્ય નિદેશાલયના નિયામક સુજલ મયાત્રાએ બીજા તબક્કાની અંગેની રૂપરેખા રજૂ કરી.

પરિષદ દરમિયાન ભારતના મહારજિસ્ટ્રાર જનરલ અને જનગણના કમિશનર મૃત્યુંજય કુમાર નારાયણે વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા. તેઓએ ગુજરાતમાં ઘરયાદીની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થવા બદલ પ્રશંસા કરી હતી.

તેમણે પુરાવા આધારિત નીતિ ઘડતર અને રાષ્ટ્રીય વિકાસમાં જનગણનાના આંકડાઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો.

FOREST PROTEST

વનપાલ અને બીટગાર્ડસના આંદોલનનો સુખદ અંત આવ્યો છે. આ નિર્ણય અંગે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, સરકાર હંમેશા નાના કર્મચારીઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્વક નિર્ણય લેવા કટિબદ્ધ છે.

વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને સંબંધિત કર્મચારી મંડળના પ્રતિનિધિઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણાના અંતે કર્મચારીઓની માંગણીઓ અંગે હકારાત્મક અંત આવ્યો હોવાનું પણ તેમણે ઉમેર્યું.

BYTE: ARJUN MODHWADIA, CABINET MINISTER

STATEWIDE CAMPAIGN WEIGHTS AND MEASURES

કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા વજન-માપમાં છેતરપિંડી રોકવા રાજ્યવ્યાપી ઝૂંબેશ હાથ ધરાઈ. તે અંતર્ગત એક હજાર 597 એકમની તપાસ કરી ગેરરીતિ કરનારા 860 જેટલા એકમ સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી. સાથે જ ફરસાણ અને સુકામેવાની દુકાનો તથા મૉલ્સમાંથી 20 લાખ 23 હજાર રૂપિયાથી વધુની માંડવાળ ફી વસૂલ કરવામાં આવી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

AHMEDABAD DRUGS

વિદેશમાંથી માદક પદાર્થનો આંતરરાષ્ટ્રીય કારોબાર ચલાવનાર આરોપીને ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી-ATSએ ઝડપી લીધો છે.

વર્ષ 2022માં વડોદરાના સિંધરોટ ગામમાંથી ઝડપાયેલા 438 કરોડ રૂપિયાના માદક પદાર્થના કેસમાં તે સંડોવાયેલો હતો. આ અંગે નાયબ પોલીસ અધિક્ષક શંકર ચૌધરીએ જણાવ્યું હતું કે, આરોપી સામે રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી.

BYTE: SHANKAR CHAUDHARY, DySP

SUPERVISERS INSTRUCTORS WAGES

રાજ્યની સરકારી અને અનુદાનિત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોના માનદ વેતન વધારીને એક હજાર 80 રૂપિયા કરાયું. જ્યારે માસિક મહત્તમ મર્યાદા પણ 14 હજાર 40 રૂપિયાથી વધારીને 28 હજાર 80 રૂપિયા કરવામાં આવી છે. વેતનમાં બમણો વધારો કરાતાં વધુ શ્રેષ્ઠ ઇન્સ્ટ્રક્ટરો સેવાઓ આપશે તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાની અને અવિરત તાલીમ મળશે તેમ, સત્તાવાર યાદીમાં જણાવાયું.

ARVALLI SINCHAI

અરવલ્લી જિલ્લામાં આ વર્ષે ઓછો વરસાદ થયો છે, ત્યારે ખેડૂતોનો પાક નિષ્ફળ ન જાય તે માટે સિંચાઈ વિભાગ દ્વારા માઝમ જળાશયમાંથી 30 ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે.

સાંભળીએ એક અહેવાલ..

VOICE CAST: ANKIT CHAUHAN

SPECIAL TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા આગામી તહેવારોને ધ્યાને રાખીને રાજકોટ-બરૌની વચ્ચે સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ખાસ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવાયો છે.

જે અંતર્ગત રાજકોટ-બરૌની સ્પેશિયલ ટ્રેન આવતીકાલથી 26 નવેમ્બર સુધી દર ગુરુવારે રાજકોટથી સાંજે 5 વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે સવારે સવા નવ વાગ્યે કલાકે બરૌની પહોંચશે. તેવી જ રીતે બરૌની-રાજકોટ સ્પેશિયલ ટ્રેન 7 નવેમ્બરથી 28 નવેમ્બર સુધી દર શનિવારે બરૌનીથી રાત્રે 10 વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે બપોરે અઢી વાગ્યે રાજકોટ પહોંચશે.

આ ટ્રેન માટેનું બુકિંગ આજથી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTCની વેબસાઇટ પર શરૂ થશે.

WEATHER FC

રાજ્યમાં આગામી સાત દિવસ મહત્તમ તાપમાન કે લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. હવામાન વિભાગના નિયામક ડૉ એ કે દાસે જણાવ્યું હતું કે આગામી સાત દિવસ વરસાદની પણ કોઈ શક્યતા નથી.

BYTE: DR. A K DAS, IMD

INDIA NZ-ODI

ક્રિકેટમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પાંચ મેચની શ્રેણીની પહેલી એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચ ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે થોડીવારમાં શરૂ થશે. જો કે વરસાદને કારણે ટોસ થવામાં વિલંબ થઈ રહ્યો છે.

બંને ટીમોમાં કેટલાક મુખ્ય ખેલાડીઓની ગેરહાજરી જોવા મળી રહી છે. ભારત જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યા વગર રમી રહ્યું છે, જ્યારે કિવી ટીમ રચિન રવિન્દ્ર અને માર્ક ચેપમેન વગર રમી રહી છે અને ડેવોન કોનવે ઈજાને કારણે પહેલી વનડે રમી શકશે નહીં. ભારતે ન્યૂઝીલેન્ડ સામેની 5 મેચની T20I શ્રેણી 3-2થી જીતી લીધી છે.

AMRELI SCHOOL

અમરેલીના ઈશ્વરીયા નજીક આવેલી ડૉ. કલામ ઇનોવેટિવ સ્કૂલે સૌરાષ્ટ્રની પ્રથમ વર્ચ્યુઅલ રિયાલિટી પ્રયોગશાળા શરૂ કરી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર શાળાએ 10 AI-સક્ષમ 7D ખુરશી કાર્યરત કરી શિક્ષણ ક્ષેત્રે ટેકનોલોજીના ઉપયોગનું નવું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ પહેલથી વિદ્યાર્થીઓ હવે જટિલ વિષયોને માત્ર પુસ્તકોમાં વાંચવા કે ગોખવા પૂરતા મર્યાદિત ન રહેતાં, આધુનિક ટેકનોલોજીની મદદથી જીવંત અનુભવો દ્વારા સમજી શકે છે. શાળાને આ સુવિધા આર્થિક સહયોગથી પ્રાપ્ત થઈ હોવાથી તેનો લાભ જિલ્લાની તમામ શાળાઓ લઈ શકશે.

SWANIDHI MAHOTSAV - RAJKOT

રાજકોટમાં મહાનગરપાલિકા દ્વારા “પી.એમ. સ્વનિધિ યોજના” અંતર્ગત શેરી ફેરિયાઓને લોનની સુવિધા પૂરી પાડવા અને ડીઝીટલ વ્યવહારોને પ્રોત્સાહન આપવા માટે “સ્વનિધિ મહોત્સવ”નું આયોજન કરાયું.

આ પ્રસંગે ઉપસ્થિત સાંસદ પરસોત્તમ રૂપાલાએ નાગરિકોને તહેવારો દરમિયાન સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરવા અનુરોધ કર્યો.

ઉલ્લેખનીય છે કે, આ મહોત્સવનો મુખ્ય હેતુ શેરી ફેરિયાઓના યોગદાનને બિરદાવવાનો, વંચિત ફેરિયાઓને આ યોજનાનો લાભ આપવાનો અને સંબંધિત કચેરીઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે.